આપણું પોતાનું અખબાર

*જો હું મારા ચરિત્રની સંભાળ રાખીશ તો પ્રતિષ્ઠા મારી સંભાળ રાખશે*
**- ડી.એલ.મૂડી**

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૫૭ | ૭ મે ૨૦૧૨, સોમવાર, વૈશાખ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦


# ગાંધીનગરની મહેસૂલી આવક ૧૭ કરોડ

## વેચાણ મંજૂરી અંતર્ગત પ્રિમિયમની વસૂલાત જ ૧૩ કરોડ જેટલી થઈ, મહેસૂલ ઉપકરની વસૂલાત ૧૪.૭૮ લાખ થઈ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાંથી વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન ૧૭ કરોડથી વધુની મહેસૂલી આવક જિલ્લા તંત્રને થવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે સૌથી મોટી આવક વેચાણ મંજૂરી અંતર્ગત વસૂલ કરાયેલ પ્રિમિયમની આવક રૂા. ૧૩ કરોડ, ૬૯ લાખ, ૯૯ હજાર જેટલી થવા જાય છે. અર્થાત્ ગાંધીનગર શહેરમાં મિલ્કતોના વેચાણનું પ્રમાણ વધવા પામ્યું છે અને ગાંધીનગર શહેરમાં જમીન ફાળવણી નીતિ અંતર્ગત રાહતદરે પ્લૉટ મેળવ્યા હતા તેનું વેચાણ વધી રહ્યું છે.

આ ઉપરાંત ભાવ તફાવત અંતર્ગત વસૂલ કરાયેલ રકમ પણ રૂા. બે કરોડ ૮૨ લાખ જેટલી થવા જાય છે.

ગાંધીનગર શહેરમાં શરતભંગ હેઠળ દંડ કરાયેલ વસૂલાત રૂા. ૧૧.૬૮ લાખ જેટલી થઈ હતી.

જોકે શહેરમાં જમીન મહેસૂલ ઉપકરની આવક રૂા. ૧૪.૭૮ લાખ, લોકલ ફંડની વસૂલાત રૂા. ૭.૪૪ લાખ અને શિક્ષણ ઉપકરની વસૂલાત રૂા. ૭.૯૪ લાખ જેટલી થવા જાય છે.

ગાંધીનગર શહેરમાંથી સત્તર કરોડથી પણ વધુની આવક તંત્ર દ્વારા મેળવવામાં આવી છે. આ આવક હજુ પણ વધે તે માટે આગામી દિવસોમાં અસરકારક વસૂલાતના પ્રયાસો કરવામાં આવશે.

જિલ્લાના અન્ય વિસ્તારોમાં મહેસૂલી વેરા વસૂલાત તેમજ સરકારી લેણાંની નબળી વસૂલાતનું ચિત્ર ઉપસી રહ્યું છે. ત્યારે શહેરી વિસ્તારની આવક કરોડોમાં થવા પામી છે. જિલ્લા કક્ષાએ પણ સરકારી લેણાંની વસૂલાત માટે તંત્રને વારંવાર જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં ટપારવામાં આવે છે. આ માટે વિભાગોને ટીમો બનાવી અસરાકરક વસૂલાત કરવાનો આગ્રહ પણ કરવામાં આવે છે, પણ વસૂલાત નબળી રહેવા પામી છે.

# જિલ્લામાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની નવી જગ્યા ઊભી કરાઈ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લામાં મુખ્ય જિલ્લા અધિકારીની જગ્યા મંજૂર કરવામાં આવતાં આરોગ્ય સેવાઓના સઘનીકરણની દિશામાં એક મહત્વનો નિર્ણય લેવાયો છે.

જિલ્લામાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની જગ્યાની કામગીરી અધિક જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા કરવામાં આવતી હતી. હવે ગાંધીનગર જિલ્લામાં આ નવી જગ્યા મંજૂર કરવામાં આવી છે અને આ અંગેના હુકમો પણ જારી કરી દેવામાં આવ્યા છે. ગાંધીનગર જિલ્લામાં મુખ્ય જિલ્લા અધિકારીની જગ્યા મંજૂર કરવાની પંચાયતની માંગણીનો સ્વીકાર સરકારે કર્યો છે.

ગાંધીનગર જિલ્લાના પુનઃ ગઠન બાદ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની જગ્યા ઉભી કરવા માટે પંચાયત દ્વારા વારંવાર રજુઆતો કરવામાં આવી હતી. ૨૦૦૮-૦૯ દરમિયાન આ માટે હિસાબી અધિકારી અને આરોગ્ય અધિકારીની જગ્યાઓ અપગ્રેડ કરવા

● અનુસંધાન પાન-૭ પર



કહેવાની જરૂર નથી કે આ પુનમનો ચંદ્ર છે, પણ અહીં તસવીર એટલા માટે મૂકી છે કે આ વખતની પુનમનો આ ચંદ્ર પૃથ્વીની સૌથી વધુ નજીક હતો. ધરતી અને ચાંદની નજદીકીને કેમેરાએ સ્મૃતિમાં કંડારવાનો પ્રયાસ કર્યો ત્યારે આ ચાંદ પણ જાણે પોઝ આપતો હોય એમ હસી ઊઠ્યો હતો અને એથી એ વધુ તેજસ્વી પણ લાગી રહ્યો છે !


**તાત્કાલિક જોઈએ છે**

ડેટા એન્ટ્રી ઓપરેટર

**છોકરા / છોકરીઓ જોઈએ છે**

સંપર્ક

મો. : ૯૮૯૮૩૬૨૩૬૫


# સચિવાલયમાં ૧૩ ટકા કર્મચારીઓ મોડા આવે છે

## સાત ટકા કર્મચારીઓ વહેલા જાય છે : મુખ્ય સચિવ કક્ષાએ સમીક્ષા દરમ્યાન આ હકીકતો બહાર આવી

ગાંધીનગર, તા. ૬

સચિવાલયના સરકારી વિભાગોમાં ૧૩ ટકા કર્મચારીઓ કચેરીએ મોડા આવે છે અને કચેરી સમય કરતાં વહેલા જતા કર્મચારીઓનું પ્રમાણ ૭ ટકા હોવાનું તારણ ઉચ્ચસ્તરીય સમીક્ષામાં બહાર આવ્યું છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સરકારના વિભાગોમાં ફરજ બજાવતા અધિકારીઓ કર્મચારીઓની હાજરી નિયમિત બને અને કચેરી સમયે કચેરીમાં કર્મચારીઓ આવે અને છૂટવાના સમયે જ ઘરે જાય તેનું નિરીક્ષણ અને ચકાસણી થાય તે માટે કર્મચારીઓની હાજરી નિયમિત કરવા રાજ્ય સરકારે સચિવાલયમાં ઈન્ટીગ્રેટેડ પ્રવેશ પ્રથા દાખલ કરી છે.

સચિવાલયના તમામ બ્લોકમાં ભોંયતળિયે મશીનો મૂકવામાં આવ્યા છે. કચેરીમાં આવતા અધિકારીઓ કર્મચારીઓને એક્સપ્રોણ કંપનીએ આપેલા કાર્ડ પંચ કરવાના હોય છે. જેથી આ મશીનમાં અધિકારી કર્મચારી કચેરીએ કેટલા વાગ્યે આવ્યા, કેટલા વાગ્યે કચેરીમાંથી ગયા તેનો સમય બતાવે છે.

કર્મચારીઓની હાજરી નિયમિત કરવા માટે રાજ્ય સરકારે સચિવાલયના બ્લોક્સમાં ઈન્ટીગ્રેટેડ પ્રવેશ પ્રથા દાખલ કરી હોવા છતાંત પણ કેટલાક કર્મચારીઓ કચેરી સમય કરતાં મોડા આવતા હોવાનું અને કચેરીએથી છૂટવાના સમય કરતાં વહેલા જતા હોવાનું સરકારના ધ્યાન પર આવવા પામ્યું છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સચિવાલયમાં કર્મચારીઓની હાજરી અંગે મુખ્ય સચિવના

● અનુસંધાન પાન-૭ પર





Stockiest List - Gandhinagar Dist. :

| Customer Name | City | Mobile No. |
|---|---|---|
| SHREE BRAHMANI TRADERS | ADALAJ | 97236 61259 |
| SHREE PRAMUKH TRADERS | ALAMPUR | 98255 77299 |
| SANJAR SALES | BAHIYAL | 98794 09003 |
| SHRI JALARAM TRADERS | CHANDRALA | 98983 10599 |
| MITA ENTERPRISES | CHHALA | 98988 01021 |
| AESHVI ENTERPRISE | CHILODA | 99253 74003 |
| UMIYA PLYWOOD | CHILODA | 99250 31083 |
| HET TRADERS | DABHODA | 81410 17688 |
| SHRI RAJ TRADERS | DEHGAM | 99748 54284 |
| DEV TRADER & BUILDING MATERIAL | DEHGAM | 99259 58281 |
| DHANLAXMI STEEL TRADERS | GANDHINAGAR | 97260 42556 |
| JAY BHAVNI TRADERS | GANDHINAGAR | 99987 44955 |
| JAY VISAT PIPE TRADERS | GANDHINAGAR | 94284 07632 |
| DALWADI BUILDING MATERIAL SUPP. | GANDHINAGAR | 98981 92761 |
| BHAGWATI MARKETING | GANDHINAGAR | 99250 17137 |
| SHREE GANESH STEEL CORPORATION | GANDHINAGAR | 98986 11879 |
| BRAHMANI TRADERS | KOBA | 99245 06106 |

S. P. : N. M. Enterprise Gandhinagar - 99099 41892

| Customer Name | City | Mobile No. |
|---|---|---|
| MAN ENTERPRISE | KUDASAN | 94270 21817 |
| SHIVSHAKTI TRADERS | LEKAVADA | 99091 82726 |
| BRAHMANI TRADING COMPANY | LIMBODARA | 99984 90278 |
| AVADHOOT TRADERS | MAGODI | 9898790407 |
| SIDHESHWARI CEMENT DEPO | MUBRAKPUR | 94290 63823 |
| VIJAY TRADERS | PALAJ | 99040 81428 |
| SHREE LAXMINARAYAN TRADING CO. | PETHAPUR | 99789 12064 |
| GURUKRUPA TRADERS | RAKHIAL | 96011 94730 |
| PATEL KAMLESH DAHAYABHAI | RANDHEJA | 98242 81435 |
| AMRUTLALA NATHALALSHAH | SADRA | 94284 15202 |
| HETAL TRADERS | SHERTHA | 99984 66457 |
| YOGESHWAR TRADERS | VALAD | 97376 81797 |
| SHREE BHAVANI TRADERS | VAVOL | 99247 40778 |
| SHRI MAHAKALI TRADERS | ZAK | 98258 96111 |
| Company Markteing Staff : | | |
| Kartikey Vyas | | 98796 05116 |
| Kinshuk Dave | | 83475 57002 |